The News Letter From **CRC Saroda** **CRC Code:2416010010**

# Right Choise ®

*Sharing ideas and practices for enriching human beings through excellence in Primary Education*

માસ : ઓગસ્ટ ૨૦૧૩ અંક: ૩

CRC Saroda



## Happy Independence Day

**ભારતવર્ષને આઝાદી અપાવવામાં ફાળો આપનાર**

**વીર સપુતોને કોટી કોટી વંદન**

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે સૌ આગળ વધે

The "Gyanpatra"

Auguest 2013, Issue: 3

Right_Choise™
PUBLICATION
Sharing Ideas for Excellence in Primary Education

## માહિતી

પ્રકાશન :૧ ઓગસ્ટ ૨૦૧૩.

પછીનો અંક: ૨ સપ્ટે. ૨૦૧૩

સંપાદક: જીગર પટેલ

પ્રકાશક:Right_Choise

સર્વ શિક્ષા અભિયાન

The articles in this magazine are neither created nor re-viewed by us.Rightchoise will not be responsible for any kind of misuse of information given here.

Volume:1 | Issue:3

Pub ID: RC3AUG13

crc.khd.balasinor.saroda@gmail.com

All rights reserved

RightChoise Web services

Terms & Conditions

# Editorial

Dream | Believe | Achieve

સ્વતંત્રતા દિવસ પર્વે આપ સૌને ખુબ ખુબ શુભકામનાઓ

મિત્રો ,આપણી પાસે અપાર શક્તિ અને સામર્થ્ય છે.આ શકિત અને સામર્થ્યનો ઉપયોગ કરીને આપણે અશક્યને શક્ય બનાવી શકીએ છીએ.પણ આપને નાના હોય ત્યારથી આપણા માં-બાપ,કુટુંબ,સમાજ,શાળા જાણતાં-અજાણતા આ શક્તિને કુંઠિત બનાવે છે.જો બાળકને તે નિર્બળ છે,નકામો છે,બીજા કરતા અમુક બાબતમાં ઉતરતો છે,બુદ્ધિ વગરનો છે.'તારાથી કઈ નહિ થાય,તને આવડે નહિ' આ પ્રકારના વાક્યો વારંવાર સંભાળવા મળે તો આપનું મન તે વાત સ્વીકારી લે છે અને આપણા મનમાં લઘુતાગ્રંથી બંધાઈ જાય છે કે અમુક કામ મારાથી નહિ થાય.વારંવાર આવું વિચારવાથી આ હકીકતમાં બદલાઈ જાય છે અને તે કામ થઇ શકતું નથી.

એક સરકસમાં એક હાથીને પાતળા દોરડા વડે બાંધવામાં આવતો હતો.આ બાબત એક ભાઈના ધ્યાનમાં આવતા તેમણે મેનેજરને ફરિયાદ કરી કે તમે બેદરકાર છો,હાથી આ દોરડું તોડીને કોઈને પણ નુકશાન કરી શકે છે.મેનેજરે કહ્યું તે દોરડું તોડશે નહિ.જયારે હાથી નાનો હતો ત્યારે તેઓ તેને પાતળા દોરડા વડે બાંધતા ત્યારે તે એને તોડવાનો પ્રયત્ન કરતો,પણ દોરડું તૂટતું ન હતું. ધીરે ધીરે એણે સ્વીકારી લીધું કે આ દોરડું તેનાથી તૂટશે નહિ.મોટો થવા છતા તેનામાં લઘુતાગ્રંથી આવી ગઈ કે આ દોરડું તે તોડી શકશે નહિ.

બાળકો, શું આપણામાં આવી સ્થિતિ છે! કઈ બાબતોમાં છે ? તો તેને દુર કરવાનો પ્રયાસ જરૂર કરજો.

Jigar M Patel

CRC Co. Saroda(Balasinor)

"Be the change that you wish to see in the world."
— Mahatma Gandhi



## Festivals @ Auguest….

- ૯ ઓગસ્ટ—ઈદ
- ૧૫ ઓગસ્ટ — સ્વતંત્રતા દિવસ
- ૧૮ ઓગસ્ટ -પારસી નૂતનવર્ષ
- ૨૦ ઓગસ્ટ — રક્ષાબંધન
- ૨૮ ઓગસ્ટ — જન્માષ્ટમી

## શૈક્ષણિક પ્રવૃત્તિઓ…

પ્રાથમિક શાળા મેઘલીયા મુકામે ૫ જુલાઈ ૨૦૧૩ન રોજ ગુણોત્સવ અંતર્ગત ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે બી.આર.સી., સી.આર.સી મિત્રો તથા કેળવણી નિરિક્ષક સાહેબ શ્રી એ હાજરી આપી હતી.જે ઉપરાંત જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,કઠલાલથી અધિકારી પણ ઉપસ્થિત રહ્યા હતા.





"Be yourself; everyone else is already taken."
— Oscar Wilde

# ૧૬૦વર્ષ જૂની બંધ થયેલ ટેલીગ્રામ સેવા વિષે...

સ્માર્ટ ફોન, ઈમેઈલ અને એસએમએસ આધુનિક સમયમાં વર્ચસ્વ જમાવી ચુક્યા છે ત્યારે આશરે ૧૬૦ વર્ષ જૂની ટેલીગ્રામ સેવા બંધ થઈ ગઈ. ૧૬૦ વર્ષથી ચાલી રહેલી આ ટેલીગ્રામ સેવાને ૧૫મી જુલાઈથી બંધ કરી દેવાની જાહેરાત બીએસએનએલ દ્વારા કરી દેવામાં આવી હતી. આની સાથે હવે કોઈ પણ લોકોના ઘરે તાર કે ટેલીગ્રામ આવશે નહીં. એક સમય ઝડપથી અને અતિ જરૂરી દૂરસંચાર માટે મુખ્યસોર્સ ગણાતી આ સેવાએ દેશભરમાં અનેક લોકો માટે ખુશીના અને દુઃખના સમાચાર આપ્યા હતા પરંતુ નવી ટેકનોલોજી આવ્યા બાદ અને દૂર સંચારના નવા સાધનો આવી ગયા બાદ ટેલીગ્રામની સ્થિતિ નબળી પડી હતી. હવે ટેલીગ્રામ ખૂબ ઓછા અને નહિવત જેવા લોકો કરે છે. મોબાઈલ દ્વારા લોકોને જાણ કરવામાં આવે છે. ભારત સંચાર નિગમ લિમિટેડની ટેલીગ્રામ સેવાઓના વરિષ્ઠ જનરલ મેનેજર સમિમ અખ્તર દ્વારા નવી દિલ્હી સ્થિત કોર્પોરેટ ઓફિસથી જારી કરવામાં આવેલા પરિપત્રમાં જણાવ્યા અનુસાર ટેલીગ્રામ સેવાઓ ૧૫મી જુલાઈ ૨૦૧૩થી બંધ કરી દેવામાં આવી.

ઈન્ટરનેટ, મેસેન્જર અને વોટ્સ અપના જમાનામાં એસ.એમ.એસ. ના અસ્તિત્વ સામે પ્રશ્ન છે તો ટેલીગ્રામ સેવાનું શું???....

# જન્માષ્ટમી વિશેષ

કૃષ્ણજીવનનું મૂલ્ય આંકનાર ન તો આ જીવસૃષ્ટિમાં કોઈ જન્મ્યું છે કે ન ક્યારેય જન્મ લેશે. ક્યારેક તો તેમની લીલાઓ જોઈને લાગે કે શું આ જ સૃષ્ટિના સર્જનહાર હશે! નિર્ધન સુદામા માટે શ્રીકૃષ્ણનો નિરપેક્ષ સ્નેહ, સારથિ દારૂક માટેનો પ્રેમભર્યો મનોભાવ, ગોકુલના ગોવાળિયા સાથે ખેલકૂદ કરનારને કોણ સૃષ્ટિના સર્જનહાર કહી શકે? પરંતુ એ ભગવાન છે અને એટલે જ તો તેઓ સંસારજીવમાં ક્યારેય જોવા ન મળેલ દર્શનીય અને કૃપાપાત્ર પરમ બ્રહ્મતેજ છે.

કૃષ્ણ જેવા શિષ્ય મેળવનાર આ ગુરુ કેટલા ભાગ્યશાળી અને પ્રભાવશાળી હશે કે જેને ગુરુ માનવા સમગ્ર સંસાર તત્પર છે અને તેમના તેઓ ગુરુ છે. યદુનંદન ક્યારેય કોઈના ગુરુ બન્યા નથી, પણ સમય-સ્થાન અને પરિસ્થિતિના આધારે તેઓ સંસારમાત્રના ગુરુ બનીને સંસારને કૃપામાર્ગ બતાવ્યો છે. હાલ તો આપણે બધા જ ભગવાનની લીલા જાણીએ છીએ, પણ દ્વાપરયુગમાં તો કૃષ્ણ એ માનવ હતા. તેમના જેવી જ શક્તિ ધરાવતા પિતામહ ભીષ્મ, તેમના જેવું જ અવિચળ જ્ઞાન ધરાવનાર ગુરુ દ્રોણ, તેમના જેમ જ વાક્ચાતુર્યમાં નીતિજ્ઞા વિદુર, તેમના જેવી જ યુદ્ધકળામાં માહેર મહારથી અર્જુન અને ધર્મજ્ઞાનમાં તેમના જેટલા જ મહાનતમ ધર્મદેવ યુધિષ્ઠર હતા, પરંતુ આપોઆપ આ બધાનાં મસ્તક વાસુદેવની સામે ઝૂકી જતાં અને મનોમન ભગવાન શ્રીકૃષ્ણને પોતાના ગુરુ માનતા હતા.

ગુરુના રૂપમાં મિત્ર-સખા, માર્ગદર્શક બનીને કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર વિવશ બનેલ ધનુર્ધારી અર્જુનને કર્મ, ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યના પાઠ ભણાવવા બેસી ગયા અને મહાનતમ સર્વગુણ સંપન્ન માનવજાતનો સનાતન ગ્રંથ 'ભગવદ્ગીતા'નું સર્જન કર્યું. જેને જેને અને જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે કૃષ્ણે ગુરુ બનીને ધર્મની રક્ષા કરી છે. કોણ જાણતું નથી કે કૃષ્ણ કોણ છે? સમસ્ત જીવોનો આદિ, મધ્ય અને અંત છે. આદિત્યોમાં વિષ્ણુ છે, જ્યોતિઓમાં તેજસ્વી સૂર્ય છે, મરુતોમાં મરીચ છે અને નક્ષત્રોમાં ચંદ્ર છે. વેદોમાં સામવેદ, દેવોમાં સ્વર્ગના રાજા ઈન્દ્ર, ઈન્દ્રિયોમાં મન અને સમસ્ત જીવોમાં રહેલી ચેતના (પ્રાણશક્તિ) છે. રુદ્રોમાં શિવજી, યક્ષો-રાક્ષસોમાં ધનપતિ કુબેર, વસુઓમાં અગ્નિ અને પર્વતોમાં મેરુ છે. પુરોહિતોમાં બૃહસ્પતિ, સેનાનાયકોમાં કાર્તિકેય, જળાશયોમાં સમુદ્ર અને સમગ્ર સંસારના નિર્ણાયક સત્ય કૃષ્ણ જ છે. જેના સ્ફુલિંગમાત્રમાંથી સમગ્ર ઐશ્વર્ય, સૌંદર્ય અને તેજસ્વી સર્જનો થાય છે અને આવી અનંત વિભૂતિઓ તેના એક સંકેતમાત્ર છે.

'ભગવદ્ગીતા'ના અગિયારમા અધ્યાયના તેંતાલીસમા શ્લોકમાં અર્જુન ભગવાનના સ્વરૂપને જાણીને કહે છે આપ આ સંપૂર્ણ જગતના, સ્થાવર અને જંગમ સર્વના પિતા છો. આપ પરમ પૂજ્ય આધ્યાત્મિક ગુરુવર્ય છો. આપનો કોઈ સમોવડિયો નથી અને ન તો કોઈ આપની સાથે સમરૂપ થઈ શકે તેમ છે, તેથી હે અપરિમેય શક્તિશાળી પ્રભુ, ત્રણે લોકમાં આપથી અધિક શ્રેષ્ઠ કોણ હોઈ શકે? અર્જુનને જ્યારે ભગવાન ભગવદ્ગીતાનો ઉપદેશ આપે છે ત્યારે તેઓ તેમના આદ્ય ગુરુ હતા. ગીતાનું પરમ જ્ઞાન આપનાર શ્રીકૃષ્ણ ખરા જગદ્ગુરુ છે.

આવા શ્રી કૃષ્ણના પાવન જન્મદિનના અવસરે આપ સૌને શુભકામનાઓ!!

# રક્ષાબંધન વિશેષ

‘ભાઈના જીવનમાં, ભાઈના જીવન વિકાસમાં બહેનની સ્નેહપૂર્ણ અને પ્રેરક શુભેચ્છાનું પ્રતીક રક્ષાબંધન પર્વ છે. મનુષ્ય જન્મે ત્યારથી તેને કોઈને કોઈ પ્રકારનો ભય તો રહેતો જ હોય છે, અને જ્યાં ભય હોય ત્યાં રક્ષા સ્વયંભૂ પ્રગટ થતી હોય છે. રક્ષાની ભાવના પ્રબળ અને તીવ્ર હોય છે. આ રક્ષણ એટલે અંતરની આશિષનું રક્ષણ, હેતભરી શુભ ભાવનાનું રક્ષણ, અદ્રશ્ય પરમાત્મા અને દેવ-દેવીઓને ગદગદ ભાવે કરેલી પ્રાર્થનાનું રક્ષણ. આવું રક્ષણ અભિમન્યુને કુંતીએ તેને રણમોરચે જતાં પહેલાં રાખડી બાંધી હતી. એવું રક્ષણ પ્રિયજનને આપવા માતાઓ, પત્નીઓ, ભગિનીઓએ રાખડી બાંધ્યાના પ્રસંગો પુરાણોમાં અનેક ઉપલબ્ધ છે. હિંદુ સમાજમાં શ્રાવણી પૂર્ણિમાના દિવસે બધી જ બહેનો પોતાના ભાઈના કાંડે રાખડી બાંધી તેની સર્વ પ્રકારની રક્ષા ઈચ્છે છે. શું રાખડી બાંધીને કોઈની રક્ષા ખરેખર થઈ શકે? મહત્વ રક્ષાબંધનનું નથી, મહત્વ છે અંતરના જે અમી ઘૂંટીને રાખડી બાંધતી વખતે આશીર્વાદ આપે તેનું છે. શુધ્ધ ભાવે, ખરા અંતઃકરણપૂર્વક કોઈના શ્રેય માટે કરાયેલી ઈચ્છા નિષ્ફળ જતી નથી. ઈચ્છા-સંકલ્પ એક અમોઘ શક્તિ છે, ઘણું ઘણું કરવા સમર્થ એવી શક્તિ છે. દૃઢ સંકલ્પથી જ માનવી પોતાની જાતને ઈચ્છાનુસાર ઘડી શકે છે. સંકલ્પમાં અનેરું અને અનોખું સામર્થ્ય છે. સંકલ્પ એ ચમત્કારનો જન્મદાતા છે, સિદ્ધિ અને પ્રગતિનો પ્રેરક છે. સંકલ્પ વડે ગમે તેવા અશક્ય કાર્યો પણ સિદ્ધ થાય છે .अनेन वधिनिा यस्तु रक्षाबंधं समाचरेत् । स सर्वदोष रहतिः सुखी संवत्सरं भवेत् ॥ જે મનુષ્ય વિધિ પૂર્વક રક્ષાબંધન કરે છે, તે સર્વ દોષોથી મુક્ત થાય છે અને જીવન પર્યંત પરમ સુખને પામે છે

# Innovators



Error:No Information found in Inbox for this entry.


#@!$!<http:/meta.inbox:crc.khd.balalsinor.saroda@gmail.com/sub:empty:}

Receipent:000.webhost.net.

Check database for further details.

# Tech-Knowledge-2

**જી.પી.એસ.(ગ્લોબલ પોઝીશનીંગ સિસ્ટમ):**




**સરળ રીતે સમજીએ તો આવી જીપીએસની મદદથી કોઈ પણ ચોક્કસ સ્થળની સચોટ માહિતી મળી શકે. ઉદાહરણરૂપે જંગલ કે પર્વતીય વિસ્તારોનો આનંદ માણવા ગયેલા મિત્રો અચાનક ભૂલા પડી જાય અને બહાર નીકળવાનો રસ્તો ન મળે કે ન સૂઝે ત્યારે આવી જીપીએસની મદદ બહુ ઉપયોગી બને. આજે ઘણી મોટરોમાં અને મોબાઇલ ફોનમાં જીપીએસની સુવિધા હોય છે અને એ બહુ ઉપયોગી બને છે. વળી જીપીએસ દ્વારા આવું માર્ગદર્શન સમુદ્રમાં ભૂલી પડેલી સ્ટીમરના કેપ્ટનને, લશ્કરના જવાનોને, વિશ્વનો પ્રવાસ કરવા નીકળેલી વ્યક્તિને મળી શકે. વળી લશ્કરની દૃષ્ટિએ જોઈએ તો બધી ક્રૂઝ મિઝાઈલ્સમાં પણ જીપીએસ ગોઠવેલી હોય છે.**

**આ કઈ રીતે કાર્ય કરે છે તે જાણવા ક્લિક કરો:**

http://techknowledgerc.blogspot.com/2013/07/blog-post.html

# F~or~ Y~our~ K~nowledge~

‘કહેવાય છે કે જે લોકો તક શોધી રહ્યા હોય,તક તેમની સામે આવીને ઉભી રહે છે.બીલ ગેટ્સ સાથે એવું જ બન્યું.હાવર્ડમાં ભણતા ગેટ્સ ને મળવા માટે પોલ એલન જઈ રહ્યા હતા ત્યારે તેમના હાથમાં એક મેગેઝીન આવ્યું.તેમાં બઝારમાં મળતા વેપારી ઉપયોગના માઈક્રો કમ્પ્યુટર લોન્ચ થવાની ખબર હતી.તેમને લાગ્યું કે જેની તેઓ રાહ જુએ છે તે મોટામાં મોટી તક આ છે.ફક્ત અખતરા માટે તેમણે આ કંપનીને ફોન કર્યો અને કહ્યું કે,”તેમની પાસે એક પ્રોગ્રામ છે કે જે આ મશીન પર સારી રીતે ચાલી શકશે.

હકીકતમાં આ પ્રોગ્રામ હજી તેઓએ તૈયાર કર્યો ન હતો.પણ કંપનીએ તો હા પાડી દીધી.તેના કારણે બને મિત્રો કામે લાગી ગયા અને પ્રોગ્રામ પૂરો કર્યો.આ નવું કમ્પ્યુટર તેમણે જોયું પણ ન હતું અથવા કઈ ચીપ પર કામ કરે છે તે પણ ખબર ન હતી.આમ છતાં તેમનો પ્રોગ્રામ ચાલ્યો,કોઈ પણ જાતના અવરોધ વિના ! અહી પાયો નંખાયો ભવિષ્યમાં સોફ્ટવેરની દુનિયામાં વિશ્વવ્યાપી પ્રભાવ જમાવનાર માઈક્રોસોફ્ટનો.૧૯૯૫માં પોતાના પુસ્તક “The Road Ahead”માં તેમને આગાહી કરી કે,”ભવિષ્યમાં એવો દિવસ આવશે કે જયારે તમે વ્યાપાર,અભ્યાસ,દુનિયા અને તેની સંસ્કૃતિની શોધખોળ,મનોરંજન,ખરીદી...બધી જ વસ્તુઓ તમેં તમારું ડેસ્ક છોડ્યા વગર કરી શકશો.

તમને ઈશ્વરે આપેલી એક આવડત ભલે ગમે તે હોય,તમે તેને ઓળખી શકો અને તેમાં નિપુણતા હાંસલ કરવાની કોશિશ કરો તો દુનિયા તમારા આંગણે આવીને ઉભી રહેશે.

મિત્રો! આવતા અંકમાં આવા જ એક વ્યક્તિ સાથે મળીશું.

સાભાર:10 Success સુત્રોમાંથી

*“Live as if you were to die tomorrow. Learn as if you were to live forever.”*
*— Mahatma Gandhi*

## ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાનો પ્રશ્ન

વ્હાલા મિત્રો,

ગુજરાત સમાચાર દૈનિકમાં 22, ઓગસ્ટ,2012 ને બુધવારમાં પ્રસિધ્ધ થયેલ તંત્રી લેખ આજના શિક્ષણની ગુણવત્તા વિષે વેધક પ્રકાશ પાડ્તો હોય આપ સૌ મિત્રોને વાંચી તે ઉપર વિચારવું ગમશે તેમ ધારી મારાં બ્લોગ ઉપર મૂકેલ છે. આભાર !

**ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાનો પ્રશ્ન——તંત્રી લેખ, ગુજરાત સમાચાર દૈનિક**

**Click —>** **http://rightchoise.blogspot.in/**

## The Editorial Team

CRC Saroda

Saroda | Karanpur | Dakhariya | Fefariya | Bhathiji na muvada | Bhogiya Kinari | Verasa | Felsani |Gajapagi Na Muvada Rajanpur | Garasiya Na Muvada | Vachla Muvada |Upadiya | Kanera

To,____________________________________



**જીગર એમ.પટેલ**

**સી.આર.સી. સરોડા**

**તાલુકો:બાલાસિનોર**

**જીલ્લો:ખેડા**

*You are Always Welcome to ........*

**Cluster Resource Center, Saroda**

**Saroda Village,Balasinor Di:Kheda (Gujarat)**

**+91-9979146176 | http://crcsaroda.tk | http://rightchoise.blogspot.in**

Send us your feedback on

crc.khd.balasinor.saroda@gmail.com

Right_Choise™ PUBLICATION
Sharing Ideas for Excellence in Primary Education